સુરત મહાનગરપાલિકા

જાહેરનામુ

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસરને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી ધ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં કોરોના વાયરસના સંક્રમણને ધ્યાને લેતા, શહેરના કેટલાક વિસ્તારમાં સોશિયલ ડીસ્ટન્સીગ જાળવવુ જોઈએ તે જળવાતુ નથી. જેથી નોવેલ કોરોના વાયરસ નેં સંક્રમણ ફેલાવવાની શકયતાઓ રહેલી છે.

આથી ગુજરાત રાજય એપેડેમીક ડીસીઝ એકટ– ૧૮૯૭ ની કલમ ૨,૩ અને ૪ થી પ્રાપ્ત સતા અન્વયે તથા ગુજરાત રાજયના આરરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક NCV/102020SF-1/G Date: 20/03/2020 ના પેરા નં. ૧૧ થી મળેલ અધિકારની રૂએ સુરત મહાનગરપાલિકામાં આવેલ વેસ્ટ ઝોન (રાંદેર) ના નીચે જણાવેલ વિસ્તારોના લોકોને કલસ્ટર તરીકે જાહેર કરી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ફરજીયાત હોમ કવોરન્ટાઈન રહેવા હુકમ કરવામાં આવે છે.

| ક્રમ નં. | વિસ્તાર | અંદાજીત ઘરોની સંખ્યા | વસ્તી (અંદાજિત) |
|---|---|---|---|
| ૧ | મહેરનગર સોસાયટી, બી.એ.પી.એસ હોસ્પિટલની સામે, અડાજણ (ઘર નં. ૮૬ થી ૧૦૩ અને ૧૨૬ થી ૧૩૬) | ૨૯ | ૧૧૨ |
| ૨ | પિરામીડ ટાઉનશીપ, પાલણપોર કેનાલ રોડ (ઘર નં. ૨૧ થી ૪૦) | ૨૦ | ૮૫ |
| ૩ | સરસ્વતીનગર સોસાયટી, સતનામ સર્કલ પાસે, રામનગર (ઘર નં. એ–૫૭, થી એ–૫૯, એ–૬૧ થી એ–૬૩ અને સચ્ચીદાનંદ એપાર્ટમેન્ટ) | ૧૧ | ૫૦ |
| ૪ | વિવેકાનંદ ટાઉનશીપ, પાલણપોર જકાતનાકા (ઘર નં. ૧ થી ૪ અને ૩૪ થી ૪૩) | ૧૩ | ૫૨ |
| | **કુલ** | **૭૩** | **૨૯૯** |

ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ– ૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ– ૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨૩/૦૯/૨૧

નં. પી.આર.ઓ./૧૫૦૩/૨૦૨૧–૨૨
તા.૨૩/૦૯/૨૦૨૧

એડી. સીટી ઈજનેર (સિવિલ)
સુરત મહાનગરપાલિકા